અગત્યનું

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૭/૨૫૩૩-૬૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૦/૧૦/૨૦૧૭

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ-૨૦(૩)માં સુધારા બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:મશબ/૧૧૧૬/૧૨/છ, તા.૦૬/૧૦/૨૦૧૭ના પત્ર અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ૨૦(૩)માં આ સાથે સામેલ પત્રકમાં કોલમ-૨માં હાલની જોગવાઇને બદલે કોલમ-૩ મુજબ નવી જોગવાઇ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૧૧૬/૧૨/છ તા.૦૬/૧૦/૨૦૧૭ થી નિયત કરવામાં આવેલ છે. જે આ સાથે મોકલવામાં આવે છે. તો આપના તાબા હેઠળની તમામ શાળાઓને આ અંગે જાણ કરવા વિનંતી છે.

બિડાણ :- શિક્ષણ વિભાગનો ઉક્ત ઠરાવ

(આર.આઇ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- માન. નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ ના
વિનિયમ ક્રમાંક: ૨૦(૩) માં સુધારો કરવા બાબત.

ઠરાવ ક્રમાંકઃ મશબ/૧૧૧૬/૧૨/છ
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૬/૧૦/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા. ૨૦/૦૬/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ મશબ/૧૧૧૬/૧૨/છ

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ નો તા.૦૬/૦૯/૨૦૧૭ નો પત્ર ક્રમાંક મઉમશબ/સંશોધન/૨૪૧૧

આમુખઃ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧)માં દર્શાવેલ ઠરાવથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો -૧૯૭૪ના વિનિયમ ૨૦(૩)માં સુધારો કરવામાં આવેલ હતો. ત્યારબાદ, વંચાણે લીધેલ ક્રમાંક (૨)માં જણાવેલ પત્રથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તજજ્ઞ સમિતિના અહેવાલ આધારે માધ્યમિક શિક્ષણ બોર્ડના વિનિયમ ૨૦(૩) માં સુધારો કરવા માટે જણાવતાં વિનિયમ ૨૦(૩) માં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો -૧૯૭૪ના વિનિયમ ૨૦(૩) માં આ સાથેના પત્રકમાં કોલમ-૨ માં હાલની જોગવાઈને બદલે કોલમ-૩ મુજબ નવી જોગવાઈ નિયત કરવા આથી સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એસ.બી. કરોડે)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

-માન. રા.ક. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમસંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

-અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

-સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. (સંબંધિતોને પરિપત્રિત કરવા વિનંતી સહ)

-નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-સેક્શન અધિકારીશ્રી/ગ, ગ-૧ શાખા, શિક્ષણ વિભાગ.

-કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ.

-નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.

-સિલેક્ટ ફાઈલ

તા.૦૬/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ, સાથેનું બિડાણ

| વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૨૦(૩) | કોઇ વ્યક્તિને<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ)(૧) તે કાયદાથી સ્થપાયેલી ભારતમાંની કોઇ યુનિવર્સિટીની કોઇ વિદ્યાશાખામાં પદવી ધરાવતી હોય અથવા<br>(૨) બી.ટી ની પદવી અથવા બી.એડ ની પદવી અથવા બોર્ડ માન્ય કરેલી કોઇ પદવી અથવા તેને સમકક્ષ પદવી ધરાવતી હોય, અથવા<br>(૩) સ્નાતકોની પાયાની તાલીમ કેન્દ્રો તરફથી અપાતો શિક્ષણનો ડિપ્લોમાં, અથવા<br>(૪) રાજ્ય સરકારે અથવા આંતર યુનિવર્સિટી બોર્ડ પેરેગ્રાફ (૨) થી (૩) માં જણાવેલી કોઇ લાયકાતને સમકક્ષ તરીકે મંજૂર કરેલી બીજી કોઇ પદવી, ડિપ્લોમાં અથવા પ્રમાણપત્ર ધરાવતી હોય અથવા તે સિવાય,શિક્ષક તરીકે નીમી શકાશે નહી.<br>તદઉપરાંત,<br>BCA, B.Ed. અથવા B.E.(Computer) B.Ed અથવા M.SC.(IT) B.Ed અથવા B.E (IT) B.Ed જણાવેલ લાયકાતને સમકક્ષ તરીકે મંજૂર કરેલી બીજી કોઇ પણ પદવી ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર ધરાવતી હોય તે સિવાય શિક્ષક તરીકે નીમી શકાશે નહી.<br>વધુમાં આવા કોમ્પ્યુટર શિક્ષકોએ કોમ્પ્યુટરની સાથે અન્ય સાક્ષરી વિષયો ભણાવવા પડશે. માધ્યમિક શિક્ષકને મળતો કાર્યબોજ આ વિષયના શિક્ષકને આપવાનો રહેશે.<br>માધ્યમિક વિભાગના છ કે તેથી વધુ વર્ગોની શાળાઓમાં મળવા પાત્ર રેશિયામાં | કોઇ વ્યક્તિને<br>ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય અને<br>(ખ)(૧) તે કાયદાથી સ્થપાયેલી ભારતમાંની કોઇ યુનિવર્સિટીની કોઇ વિદ્યાશાખામાં પદવી ધરાવતી હોય, અથવા<br>(૨) બી.ટી ની પદવી અથવા બી.એડ ની પદવી અથવા બોર્ડ માન્ય કરેલી કોઇ પદવી અથવા તેને સમકક્ષ પદવી ધરાવતી હોય, અથવા<br>(૩) સ્નાતકોની પાયાની તાલીમ કેંદ્ર તરફથી અપાતો શિક્ષણનો ડિપ્લોમાં, અથવા<br>(૪) રાજ્ય સરકારે અથવા આંતર યુનિવર્સિટી બોર્ડ પેરેગ્રાફ (૨) થી (૩) માં જણાવેલી કોઇ લાયકાતને સમકક્ષ તરીકે મંજૂર કરેલી બીજી કોઇ પદવી, ડિપ્લોમાં અથવા પ્રમાણપત્ર ધરાવતી હોય અથવા તે સિવાય,શિક્ષક તરીકે નીમી શકાશે નહી.<br>(પ)કોમ્પ્યુટર શિક્ષકની જગ્યા માટે<br>BCA, B.Ed. અથવા B.E. (Computer) B.Ed અથવા M.SC.(IT) B.Ed અથવા B.E(IT) B.Ed જણાવેલ લાયકાતને સમકક્ષ તરીકે મંજૂર કરેલી બીજી કોઇ પણ પદવી ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર ધરાવતી હોય તે સિવાય કોમ્પ્યુટરશિક્ષક તરીકે નીમી શકાશે નહી.<br>વધુમાં આવા કોમ્પ્યુટર શિક્ષકોએ કોમ્પ્યુટરની સાથે અન્ય સાક્ષરી વિષયો ભણાવવા પડશે. માધ્યમિક શિક્ષકને મળતો કાર્યબોજ આ વિષયના શિક્ષકને આપવાનો રહેશે.<br>માધ્યમિક વિભાગના છ કે તેથી વધુ વર્ગોની શાળાઓમાં મળવા પાત્ર રેશિયામાં આ નિમણૂંક કરી શકાશે.<br>તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિનિયમ-૨૦(૩)માં કોમ્પ્યુટર શિક્ષક માટે નીચે મુજબની જોગવાઇ કરવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| | આ નિમણૂંક કરી શકાશે. | કોઇ વ્યક્તિને<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ)(૧) તે કાયદાથી સ્થપાયેલી ભારતમાંની કોઇ યુનિવર્સિટીની કોઇ વિદ્યાશાખામાં અનુસ્નાતકની પદવી ધરાવતી હોય<br>(૨) બી.ટી ની પદવી અથવા બી.એડ ની પદવી અથવા બોર્ડ માન્ય કરેલી કોઇ પદવી અથવા તેને સમકક્ષ પદવી ધરાવતી હોય અથવા<br>(૩) સ્નાતકોની પાયાની તાલીમ કેન્દ્રો તરફથી અપાતો શિક્ષણનો ડિપ્લોમાં અથવા<br>(૪) રાજ્ય સરકારે અથવા આંતર યુનિવર્સિટી બોર્ડ પેરેગ્રાફ (૨) થી (૩) માં જણાવેલી કોઇ લાયકાતને સમકક્ષ તરીકે મંજૂર કરેલી બીજી કોઇ પદવી, ડિપ્લોમાં, અથવા પ્રમાણપત્ર ધરાવતી હોય તે સિવાય,ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક તરીકે નીમી શકાશે નહી.<br>(૫) કોમ્પ્યુટર શિક્ષકની જગ્યા માટે<br>MCA, B.Ed અથવા M.E.(Computer) B.Ed અથવા M.SC.(IT) B.Ed અથવા M.E.(IT) B.Ed જણાવેલ લાયકાત અથવા તેને સમકક્ષ તરીકે મંજૂર કરેલી બીજી કોઇ પણ પદવી ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર ધરાવતી હોય તે સિવાય કોમ્પ્યુટર શિક્ષક તરીકે નીમી શકાશે નહી.<br>વધુમાં આવા કોમ્પ્યુટર શિક્ષકોએ કોમ્પ્યુટરની સાથે અન્ય સાક્ષરી વિષયો ભણાવવા પડશે. ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકને મળતો કાર્યબોજ આ વિષયના શિક્ષકને આપવાનો રહેશે.<br>ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં છ કે તેથી વધુ વર્ગોની શાળાઓમાં મળવા પાત્ર રેશિયામાં આ નિમણૂંક કરી શકાશે. |